દાખલ થયા તા. :– ૦૫–૧૦–૨૦૨૧

રજીસ્ટર્ડ થયા તા. :– ૦૫–૧૦–૨૦૨૧

ફેંસલ થયા તા. :– ૧૫–૦૫–૨૦૨૩

સમયગાળો : વર્ષ : ૦૧ માસ :૦૭ દિવસ : ૧૦

---

**અમદાવાદના મહેરબાન પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી ડી.જી.વાઘેલા સાહેબ, સ્પેશીયલ નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કોર્ટ, ઘીકાંટા, અમદાવાદ સમક્ષ**

---

<u>ક્રિમીનલ કેસ નં.૧૨૫૭૫૯/૨૦૨૧</u>

આંક–૧૧

**ફરિયાદી :–** **યોગેશ નારણભાઈ કાકડીયા**

ઉં.વ.૩૩, ધર્મે : હિન્દુ

રહે. ૫૦૨, રોયલ હોમ્સ,

શ્રીરામ સોહમ ફલેટ સામે,

પાંડવ વાડી પાસે, સુરભી રેસીડન્સી–૨ પાસે,

નિકોલ ગામ, અમદાવાદ–૩૮૨૩૫૦

વિ રૂ ઘ્ઘ

**આરોપી :–** **મેહુલભાઈ ધીરૂભાઈ ગોંડલીયા,**

ઉં.વ.આ. પુખ્ત, ધર્મે : હિન્દુ,

રહે. ૩૩, તુલસી શ્યામ સોસાયટી,

સ્વામીનારાયણ મંદિર પાસે,

વિરાટનગર, ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,

અમદાવાદ–૩૮૨૪૧૫

---

ગુનો :- નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ.

---

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી એસ.એમ.વોરા

આરોપી પક્ષે વિ.વ.શ્રી તેજસ બી. ચૌહાણ

**-:: જજમેન્ટ ::-**

**(૧).** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સરનામે રહે છે અને ફરિયાદીને આરોપી સાથે મિત્રતાના સબંધો હતા. આરોપીને નાણંની જરૂર પડતાં તા.૧૩/૦૩/૧૮ ના રોજ રૂા.૩,૭૨,૦૦૦/- રોકડા હાથઉછીના આપેલા.તે રકમ એક વર્ષમાં ચુકવી આપવાની હતી. એક વર્ષમાં નાણાં પરત ચુકવી શકેલ નહિં . ફરિયાદીએ લેણી રકમની માગણી કરતાં આરોપીએ તા.૦૩/૦૮/૨૧ ના રોજ એક નં.૦૧૩૫૬૬ નો આઈ.ડી.બી.આઈ. બેન્ક, નિકોલ રોડ, બાપુનગર શાખાનો રૂા. ૩,૭૨,૦૦૦/- નો ચેક આપેલ . જે ચેક ફરિયાદીએ તેમની બેન્ક, બેન્ક ઓફ બરોડામાં તા.૦૩/૦૮/૨૧ ના રોજ ભરતાં સદર ચેક 'એકાઉન્ટ બ્લોકડ' ના શેરા સાથે તારીખ-૦૪/૦૮/૨૧ ના રોજ પરત ફરેલ. ત્યારબાદ ફરિયાદીએ તેઓના એડવોકેટ મારફતે તા.૨૧/૦૮/૨૧ ના રોજ આરોપીને સ્ટેચ્યુટરી નોટિસ આપેલી જે નોટિસ આરોપીને તા.૨૩/૦૮/૨૧ ના રોજ બજી ગયેલ છે તેમ છતાં આરોપીએ નોટિસ મુજબનું વર્તન કરેલ નથી કે ફરિયાદીની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી આરોપીએ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ ૧૩૮ મુજબ ગુનો કરેલ હોય ફરિયાદીએ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨). આ કામના આરોપીને સમન્સ બજતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલા. સદર કામે મારા પુરોગામી વિ. મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો આરોપીને વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૧ હેઠળ આંક–૬ થી આરોપીની પ્લી નોંધી ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની કાર્યવાહી આગળ કરવામાં આવેલી.

(૩). ત્યારબાદ આ કામે દસ્તાવેજોને આંકે પાડવાની આંક–૫ ની ફરિયાદીની અરજી નીચે કરેલ હુકમ મુજબ અ.નં.૧ થી ૬ ને આંકે પાડવાનો હુકમ કરેલો છે. આ કામે ફરિયાદ પક્ષ તરફે તેમની ફરિયાદ હકીકતના સમર્થનમાં નીચે મુજબના લેખીત મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | મૌખિક પુરાવા | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદીની સોગંદ ઉપરની સરતપાસની એફીડેવીટ | ૩ |

દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | સમજુતી કરાર | ૬ |
| ૨ | અસલ ચેક નં.૦૧૩૫૬૬ | ૭ |
| ૩ | ચેક રીટર્ન મેમો | ૮ |
| ૪. | નોટિસની સ્થળપ્રત | ૯ |

| | | |
|---|---|---|
| ૫. | નોટિસ રજી. એ.ડી. કર્યાની પોસ્ટની પાવતી | ૧૦ |
| ૬. | નોટિસ બજયાનો પોસ્ટનો ટ્રેક રીપોર્ટ | ૧૧ |

(૪). આ કામે ફરિયાદીની સરતપાસની એફીડેવીટ તા.૦૫/૧૦/૨૧ ના રોજ અદાલતમાં રજુ થયેલી છે.ત્યારબાદ ઘણી મુદતોથી ફરિયાદી અદાલતમાં હાજર રહેતા નથી. ત્યારબાદ આ કામે આરોપી તરફે તા.૧૧/૦૧/૨૩ ના રોજ ડીસમીસ ફોર ડીફોલ્ટની અરજી આપી જણાવેલ છે કે આરોપી તથા તેમના એડવોકેટ ઘણી મુદતથી અદાલતમાં હાજર રહે છે પરંતુ છેલ્લી ઘણી મુદતથી ફરિયાદી કે તેમના એડવોકેટ હાજર રહેતા નથી. ફરિયાદી તરફે કોઈ અરજી આવતી નથી જેથી સદરહુ ફરિયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા જણાવેલ છે. જે અરજી ઉપર તા.૨૩/૦૧/૨૩ ના રોજ એવો હુકમ કરેલો છે કે ફરિયાદી કે તેમના વિ.વકીલશ્રી હાજર નથી, આરોપી તથા તેમના વિ.વકીલશ્રી હાજર છે . ફરિયાદી તરફે કોઈ રજુઆત કે રીપોર્ટ નથી જેથી ફરિયાદીની ગેરહાજરીના કારણે ફરિયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલો છે. ત્યારબાદ આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના પ્રશ્નોનો મુખ્યત્વે ઈન્કારમાં જવાબ આપેલ છે. વિશેષમાં જણાવેલ છે કે,'' આ કામના ફરિયાદીએ અમારા કોરા ચેકનો દુરૂપયોગ કરી ખોટી ફરિયાદ કરેલ છે. અમોએ કોઈ ફરિયાદી પાસેથી રકમ લીધેલ નથી. ફરિયાદીએ હેરાન કરવા ખોટી ફરિયાદ કરેલી છે, ફરિયાદી ઘણા સમયથી નામદાર કોર્ટમાં હાજર રહેતા નથી''. આરોપીએ જાતે બચાવ અર્થે સોગંદ ઉપર જુબાની આપવા માગતા નથી તેમજ બચાવના સાહેદ તપાસવા માગતા નથી તેમ જણાવેલ છે.

**(૪).** રેકર્ડ પરના પુરાવા ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૫).** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

**(૬).** **<u>કા ર ણો મુદ્દા નં.૧</u>**

આ કામે મુદ્દા નં.૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નં.૧ પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરિયાદપક્ષની છે.

**(૬.૧).** હાલની ફરિયાદના નિકાલ માટે સૌ પ્રથમ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો બને છે કે નહિં, તે નકકી કરવું જરૂરી છે. હાથ પરના કેસની ચર્ચા કરીએ તો સૌ પ્રથમ ફરિયાદવાળો ચેક આરોપીએ ફરિયાદીને કોઈ કાયદેસરની લેણી કે બીજી જવાબદારી પેટે આપેલો છે કે કેમ ? તે નકકી કરવું પડે.

કોઈ વ્યકિત તેના ધ્વારા નિભાવવામાં આવતા બેંકના ખાતામાંથી કોઈ ચેક બીજી વ્યકિતને લખેલો હોય અને તે ચેક બીજી વ્યકિતની પ્રથમ વ્યકિત પાસેથી લેણાં નીકળતા કોઈ દેવા કે બીજી જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણી પેટે હોય અને તે ચેક બેંક ધ્વારા વગર સ્વીકારાયે પરત આવે અને તે ચેક તે ખાતામાં ઓછી રકમના કારણે અથવા તો જે રકમની બેંક સાથે ગોઠવણ કરેલી હોય તેના કરતાં વધુ રકમનો ચેક હોય અને તેના કારણે પરત આવેલ હોય તો તે વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કાયદાની બીજી જોગવાઈઓને બાધ આવ્યા સિવાય તે વ્યકિત બે વર્ષ સુધીની સજાને તથા ચેકની રકમથી બમણી રકમ સુધીના દંડને અથવા તો બંનેને પાત્ર થશે. જો કે આ કલમને તેના પરંતુક સાથે વંચાણે લેવી પડે. જે મુજબ સદરહુ ચેક તે ચેકની તારીખથી છ માસમાં અથવા તો તેના મંજુર સમયમાં રજુ થયેલો હોવો જોઈએ. વધુમાં, એવો પરંતુક છે કે, તે ચેક જેની તરફેણમાં લખવામાં આવેલ હોય કે તેના વતી ધારણ કરનારે તે બાબતની ચેક લખનારને બેંક તરફથી માહિતી મળ્યાના દિન–૩૦ (ત્રીસ) માં લેખીતમાં નોટિસ આપેલી હોય અને ચેક લખનારે તે ચેકની રકમ નોટિસ મળ્યાથી દિન–૧૫ (પંદર) માં ચુકવી આપેલ ન હોય. આમ, સમગ્ર કલમની જોગવાઈ ઉપરોકત પરંતુક સાથે વંચાણે લેવી પડે.

**(૬.૨)** આમ, ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલી હકીકતો, તેમની સરતપાસ મારફતે સાબિત કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવવાનો બોજો ફરિયાદી ઉપર રહે છે.

**(૬.૩)** ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ : ૧૩૯ ની જોગવાઈ જોઈએ તો તે નીચે મુજબ છે.

Sec. 139 :- Presumption in favor of Holder

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section-138 for the descharge, in whole or in part, or any debt or other liability.

જે મુજબ, વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી એવું માની લેવું જોઈશે કે, ચેકને ધારણ કરનારે તે ચેક ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબની કોઈ લેણાં કે બીજી જવાબદારીના સંપુર્ણ કે અંશત: પાલન માટે જ મેળવેલો છે.

**(૬.૪)** આરોપીને અનુમાનથી વિરૂધ્ધનું સાબિત કરવું પડે અને અનુમાનનું ખંડન કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવાની જરૂર નથી, પરંતુ 'પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝ' ના ધોરણ મુજબ આરોપીએ શકયતાદર્શી પુરાવો આપવો પડે અને તેવો પુરાવો આરોપી ધ્વારા ફરિયાદીની તથા તેના સાહેદોની ઉલટ તપાસ ધ્વારા પણ રજુ કરી શકે છે.

**(૬.૫)** ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના પરંતુકની ચર્ચા કરીએ તો :-

**પરંતુક (એ)** પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ.,

**પરંતુક (બી)** ને ધ્યાને લઈએ તો, ચેક પરત આવ્યાથી દિન-૩૦ માં ચેકની રકમ

માંગતી લેખિત નોટિસ આરોપીને ફરિયાદીએ આપેલી હોવી જોઈએ.

**પરંતુક (સી)** મુજબ આરોપીને નોટિસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકનાં નાણાં ચુકવવામાં નિષ્ફળ ગયા હોવા જોઈએ.

(૭). <u>**કારણો મુદ્દા નં.૧**</u>

આ કામનું રેકર્ડ વંચાણે લેવામાં આવે તો આ કામના ફરિયાદીએ તેમની ફરિયાદ સાથે તા.૦૫/૧૦/૨૧ ના રોજ સરતપાસની એફીડેવીટ આપેલી છે અને તેમની ફરિયાદ સાથે દસ્તાવેજો રજુ કરેલા છે અને આંકે પાડવાની અરજી રજુ કરેલી છે અને તે આંકે પાડવાની અરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવેલો છે. આમ, અસલ દસ્તાવેજોને જ આંકે પાડવાનો હુકમ છે અને સરતપાસમાં ફરિયાદીએ દસ્તાવેજો રીફર કરેલા છે પરંતુ આ કામના આરોપીને ફરિયાદીની સતત ગેરહાજરીના કારણે અને ઉલટતપાસ માટે હાજર ન રહેવાના કારણે આરોપીને ઉલટતપાસનો હકક મળેલ નથી. જેથી ફરિયાદીની સોગંદ ઉપરની જુબાનીની ફરિયાદીની ગેરહાજરીના કારણે ઉલટતપાસ થયેલ નથી અને ફરિયાદીના પુરાવાનો હકક તા.૨૩/૦૧/૨૩ ના રોજ બંધ કરવામાં આવેલો છે અને ત્યારબાદ આરોપીનું ફર્ધર સ્ટેટમેન્ટ તા.૦૬/૦૩/૨૩ ના રોજ લેવામાં આવેલ છે અને ત્યારબાદ પણ આ કામના ફરિયાદીએ હાજર રહીને આ કામમાં કોઈ કાર્યવાહી કરવા માટેની દરકાર કરેલ નથી . જેથી ફરિયાદીની સરતપાસની ઉલટતપાસનો હકક આરોપીને મળેલ ન હોવાના કારણે તેનું કોઈ મહત્વ રહેતું નથી જેથી ફરિયાદીની સરતપાસ ઉલટતપાસ થયા સિવાયની હોવાથી અને તે ફરિયાદીની ગેરહાજરીના કારણે

તેમની ઉલટતપાસ થયેલ ન હોવાથી તેનું કોઈ મહત્વ રહેતું નથી અને તેથી તેમણે રજુ કરેલ દસ્તાવેજો સાબીત માનવાને પણ કારણ નથી. જેથી ફરિયાદીની સરતપાસ ડીસકાર્ડ બની જાય છે. જેથી ફરિયાદી આરોપી વિરૂધ્ધ તેમનું ફરિયાદમાં જે પ્રમાણેનું કાયદેસરનું લેણું હોવા અંગે અને કાયદેસરના લેણા પેટે આરોપીએ ફરિયાદીને ચેક આપેલ હોવાનું જે મહત્વનો પુરાવો છે તેની ગેરહાજરીમાં ધી ને.ઈ. એકટની કલમ–૧૩૮ પ્રમાણેના આવશ્યક તત્વો ફરિયાદીએ સાબીત કરેલ હોવાનું માનવાને કોઈ કારણ નથી . ધી ને.ઈ.એકટની કલમ ૧૩૮ ની સાબીતી માટે ફરિયાદીએ પ્રથમ કાયદેસરના લેણા પેટે ચેક આપેલ હોવાનું અને તે ચેક તેમણે નિયત સમયમાં બેન્કમાં જમા કરાવેલ હોવાનું અને રીટર્ન થયા પછી નિયત સમયમાં નોટિસ આપેલ હોવાનું અને તે નોટિસ આપ્યા બાદ પંદર દિવસ સુધીના સમય પછી આરોપીએ નાણાં આપેલ ન હોય અને ત્યારબાદ એક મહીનામાં ફરિયાદીએ ફરિયાદ કરેલ હોવાનું તમામ તત્વો પ્રાથમિક પુરાવાથી ફરિયાદીએ સાબીત કરવાનું રહે, પણ ફરિયાદીની સરતપાસ ડીસકાર્ડ થયેલ હોવાનું માનવાને કારણ છે ત્યારે આ તમામ આવશ્યક તત્વો ફરિયાદીએ સાબીત કરેલ હોવાનું માનવામાં આવેલ નથી અને જેથી મુદ્દા નં.૧ નો જવાબ 'નકારાત્મક' આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## <u>આ ખ રી હુ ક મ</u>

આ કામના આરોપી **મેહુલભાઈ ધીરૂભાઈ ગોંડલીયા** રહે. ૩૩, તુલસી શ્યામ સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાસે, વિરાટનગર, ઓઢવ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) મુજબ ધી નેગો.ઈ.એકટ

ની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ જો હાલના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં તેઓની હાજરી ચોકકસ થાય તે હેતુથી આરોપીએ રૂ.૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

હુકમ આજ રોજ તારીખ ૧૫ માહે મે સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૫/૦૫/૨૦૨૩

(ડી.જી.વાઘેલા)
પ્રિસાઈડીંગ ઓફિસર
સ્પેશીયલ ને.ઈ.એકટ કોર્ટ,
ઘીકાંટા,અમદાવાદ
GJRE001

sindhi steno